HGH INDIA® 2021
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
November 30 - December 3, 2021,
INDIA EXPO CENTRE, GREATER NOIDA, DELHI NCR
Inspiring Business for 10 years
NEWS 3
A TEXZONE Event
www.hghindia.com

જ્યાં વેપારને હોમ જેવું વાતાવરણ મળે છે!

## સ્પ્રિંગ/સમર 2022

# નવી વેપાર સીઝનનું આગમન

ખાસ કરીને મહામારીથી બે વર્ષથી વેપારો પ્રભાવિત થયા પછી 10મી વાર ઈનોવેશન્સ અને નવા સોર્સીસની ખોજ કરવા માટે હોમ પ્રોડક્ટ્સ તૈયાર છે ત્યારે એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે ઘણા બધા નવા વેપારીઓ તેમને અગાઉ ક્યારેય નહીં તેવી હોમ પ્રોડક્ટ્સની વૈવિધ્યપૂર્ણ શ્રેણી ઓફર કરશે. ઘણી બધી સ્થાપિત અગ્રણી બ્રાન્ડ્સ અને નિયમિત એચજીએચ ઈન્ડિયા પ્રદર્શનકારીઓ ડાઈવર્સિફાઈડ અને વધારાની નવી પ્રોડક્ટ રેખાઓ ધરાવે છે, જે તેમની મોજૂદ વેપારોને પૂરક છે. આ બધા આગામી સ્પ્રિંગ– સમર સીઝન માટે અજોડ, ઉચ્ચ સંભાવ્ય વેપાર તકો અને નવીનતાપૂર્ણ સોર્સિંગ વિકલ્પો રિટેઈલરો, વિતરકો, ઈન્ટીરિયર ડિઝાઈનરો, આર્કિટેક્ટો અને સંસ્થાકીય બાયરોને આપે છે.

એચજીએચ ઈન્ડિયા 2021 ઈન્ડિયા **એક્સપો સેન્ટર, ગ્રેટર નોઈડી, દિલ્હી એનસીઆર** ખાતે **30 નવે.- 3 ડિસે. 2021ની** તેની નિર્ધારિત તારીખની નજીક આવી રહ્યું છે ત્યારે હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, સ્મોલ ફર્નિચર, હાઉસવેર અને ગિફ્ટ્સ સેગમેન્ટ્સમા વધુ ને વધુ ખેલાડીઓ આ તકને પ્રતિસાદ આપી રહ્યા છે. દેશમાં સરકાર દ્વારા રસીકરણ ઝુંબેશે 112 કરોડથી વધુ ડોઝ સાથે અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે અને કોવિડની ત્રીજી લહેરનો ભય હવે રહ્યો નથી અથવા તો ઓછો થઈ રહ્યો છે, કોવિડના કેસ દિવાળી પછી ઓછા થયા છે ત્યાર પછી પ્રવાસનાં નિયંત્રણો ઉઠાવી દેવાયાં છે, જેથી વેપાર અને ઉદ્યોગ પ્રવાસના ડરમાંથી બહાર આવી ગયા છે. યોગ્ય સાવચેતીઓ સાથે બાયરો અને સેલરો હવે વેપારધંધો ફરીથી ધમધમતો કરવા અને ભારતમાં વધતી ગ્રાહકોની માગણીની તકોનો ઉત્તમ લાભ લેવા માટે ઉત્સુક છે. વેપાર કરવાનો મૂડ ઉચ્ચ સફળ દિવાળીની મોસમના વેચાણ પછી વધુ હકારાત્મક બની ગયો છે, જે માહોલ દિવાળી પછી પણ ચાલુ જ છે.

એચજીએચ ઈન્ડિયા 2021એ બધા પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓ અને તેમના સ્ટાફ માટે સુરક્ષા, આરોગ્ય અને હાઈજીનની ખાતરી રાખવા માટે બધી સાવચેતીઓ લીધી છે. સરકાર દ્વારા સોશિયલ ડિસ્ટન્સિંગ અને એસઓપી માટે જારી બધા નિયમો અને ગાઈડલાઈન્સનું કઠોર રીતે પાલન કરાશે.

આ ધ્યાનમાં લેતાં અમે તમારી મુલાકાતના નિયોજનમાં તમને મદદરૂપ થવ માટે એચજીએચ ઈન્ડિયા 2021માં ઊતરનારા મુખ્ય પ્રદર્શનકારીઓ પર ઈનસાઈટ આપીશું અને અલગ અલગ સેગમેન્ટ્સના વિગતવાર સેગમેન્ટ અનુસાર પ્રીવ્યુ લાવીશું.


Indo Count

### હોમ ટેક્સટાઈલ્સ, વૃદ્ધિ ચાલુ જ છે

હોમ ટેક્સટાઈલ્સ સંપૂર્ણ હોમ પ્રોડક્ટ્સના વેચાણમાં આશરે 50 ટકા હિસ્સા સાથે ભારતીય હોમ પ્રોડક્ટ્સ બજારનું સૌથી વિશાળ અને ઉત્તમ સ્થાપિત સેગમેન્ટ છે. છતાં શહેર અને ગ્રામીણ બજારમાં ઉચ્ચ વૃદ્ધિની સંભાવના હજુ પણ છે. આગામી 100 સ્માર્ટ શહેરો અને ટિયર 2 અને ટિયર 3 શહેરોમાં વધતો ગ્રાહક અને રિટેઈલ મૂળ ખાસ કરીને ઉત્તમ તક ધરાવે છે. એચજીએચ ઈન્ડિયા 2021માં હોમ ટેક્સટાઈલ્સ સેકશન બેડ અને બાથ ટેક્સટાઈલ્સથી લઈને ફર્નિશિંગ ફેબ્રિક્સ, ડેકોરેટિવ મેક–અપ્સ, વિંડો ડ્રેસિંગ, સન પ્રોટેકશન, મેટ્રેસીસ અને સ્લીપ પ્રોડક્ટ્સ, ટેબલ અને કિચન લિનેન, કાર્પેટ્સ અને ફ્લોર કવરિંગ્સ વગેરે સુધી સંપૂર્ણ શ્રેણી આવરી લે છે. આમ છતાં આ શ્રેણી વેપારીઓ અને ગ્રાહકોમાં ઉત્તમ જ્ઞાત જૂજ બ્રાન્ડ્સ જ ધરાવે છે. એચજીએચ ઈન્ડિયા 2021માં ઘણા બધા નિયમિત અને નવા પ્રદર્શનકારીઓ ભારતીય બજારમાં તેમની કંપનીઓની વધુ સુસંગતતા ઉમેરવા માટે હોમ ટેક્સટાઈલ્સ અને હોમ ડેકોર શ્રેણીઓમાં તેમની બ્રાન્ડ હાજરી વિકસાવવા અને વિસ્તારવા માટે તેમની નવી પ્રોડક્ટ શ્રેણી પ્રદર્શિત કરશે.

એચજીએચ ઈન્ડિયા 2021ના હોમ ટેક્સટાઈલ્સ સેકશનમાં મુલાકાતીઓ એશિયન પેઈન્ટ્સ, કર્લ–ઓન, સ્લીપવેલ, કિંગ કોઈલ, પેપ્સ, શ્રદ્ધા ટેરી અને પેન ઓવરસીઝ જેવાં અવ્વલ નામો પાસેથી અમુક અત્યંત નવા વેપાર વિચારો અને તકોની અપેક્ષા રાખી શકે છે. નિયમિત પ્રદર્શનકારીઓ અને તેમના શ્રેણી આગેવાનો, જેમ કે, મેસ્પર, બુટિક લિવિંગ એન્ડ લેયર્સ (ઈન્ડો કોર્ટ), ડિસિટેક્સ, સેરેમ, જે એન્ડ વાય ફેબ્રિક્સ (ઈન્ડિયા ડ્રેપ), ન્યૂ કેસલ (દેવા ટેક્સટાઈલ્સ) હોમમાં નવી ઊભરતી સ્પ્રિંગ–સમર સીઝન માટે ડિઝાઈનો અને કલેકશન્સ લાવશે.

મેસ્પર એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે 2012માં આરંભથી જ નિયમિત પ્રદર્શનકારીમાંથી એક છે અને હોમ ટેક્સટાઈલ બ્રાન્ડ્સ માટે જાણીતી છે. તે કહે છે, એચજીએચ ઈન્ડિયા તેમની પ્રોડક્ટ્સ વેચવા માટે તેમને મદદરૂપ થવા સાથે તેમનું ભારતવ્યાપી વેચાણનું ચેનલ નેટવર્ક વધારવા અને તેમની બ્રાન્ડની ઓળખને દ્રઢ બનાવવા માટે પણ મદદરૂપ થાય છે. મેસ્પર ડેકોરેટિવ મેક અપ્સથી લઈને બેડ અને બાથ ટેક્સટાઈલ્સથી બાથ મેટ્સ, બ્લેન્કેટ્સ, કિચન અને ટેબલ લિનેન, ગિફ્ટ સેટ્સ, કાર્પેટ્સ, એરિયા રગ્સ, પ્રાઈવેટ અને બિઝનેસ ગિફ્ટ સેટ્સ અને ઘણું બધું સુધી હોમ ટેક્સટાઈલ્સના વિશાળ પ્રકારનું ઉત્પાદન અને વિતરણ કરે છે. મેસ્પરની શક્તિ તેમની પ્રોડક્ટો માટે કલર  સ્ટોરીઝ છે, જે દાખલારૂપ ડેકોરેટિવ મેડ અપ્સ, બેડ થ્રોઝ, ફ્લોર મેટ વગેરે માટે કુલ ઈન્ટીરિયર ડેકોરેશન લૂક પર ભાર આપે છે. પ્રોડક્ટોમાં કલર સ્ટોરીઝ અને તે જ ઉચ્ચ સ્તરની ગુણવત્તા ક્રોસ સેલિંગ અત્યંત અસરકારક રીતે વધારે છે.

### ફર્નિશિંગ ફેબ્રિક્સ

ડેકોરેટિવ ફર્નિશિંગ્સ, અપહોલ્સ્ટરી ફેબ્રિક્સ અને કર્ટન્સ માટે માગણીમાં હોમના નવા ભારને લીધે અને પરિવારોમાં


Aartex

વધારાને લીધે અત્યંત સ્પર્ધાત્મક બજારમાં વધારો થઈ રહ્યો છે. એચજીએચ ઈન્ડિયા 2021માં ડીસીટેક ફર્નિશિંગ્સ, જે એન્ડ વાય (ઈન્ડિયા ડ્રેપ), સેરોમ, ન્યૂ કેસલ, માઈક્રોફાઈબર્સ, લક્ઝર જેવી નામાંકિત ફર્નિશિંગ બ્રાન્ડ્સ પાસેથી એકધારી નવીનતાનો જોશ જોવા મળશે.

વેપાર હજુ પણ બહુ વિઘટિત છે તે સેગમેન્ટમાં બ્રાન્ડ નિર્માણ અને દ્રઢીકરણ માટે ભરપૂર અવકાશ છે. આથ **એશિયન પેઈન્ટ્સ** જેવા નવા આગંતુકો અને મુંબઈ, દિલ્હી, પાનીપત, સુરત, અમદાવાદ, જયપુર, બેન્ગલુરુની નાની અને મધ્યમ આકારની કંપનીઓ અને સ્થાપિત આયાતકારો આ સેગમેન્ટમાં રોમાંચ અને નવા વિચારો લાવશે. આથી આખા દેશના હોમ ટેક્સટાઈલ્સ,

IHGH INDIA 2021 HOME DECOR ■■■ GIFTS ■■■ HOUSEWARE

# હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સનો દ્રષ્ટિબિંદુ લાવે છે

હોમ ડેકોર અને ફર્નિશિંગ રિટેઈલર્સે હજારોની સંખ્યામાં નોંધણી કરાવી છે અને તેમના મોજૂદ અને નવા સપ્લાયરો થકી નવા વેપાર વિચારોનું આદાનપ્રદાન કરવા નવી પ્રોડક્ટોની ખોજ કરવા માટે ઉત્સુક છે તેમાં કોઈ નવાઈ નથી.

**ડીસીટેક્સ,** ફર્નિશિંગ ફેબ્રિક્સ અને હોમ ટેક્સટાઈલ્સની સૌથી નામાંકિત બ્રાન્ડમાંથી એક છે, જે વેલ્વેટ્સ, ચિનાઈલ, દમાસ્ક્સ, એમ્બ્રોઈડર્ડ અને શિયર કર્ટન્સ, મેડ-અપ્સ અને ઘણું બધું સહિત ઉચ્ચ ગુણવત્તાનાં અને લક્ઝરી ફર્નિશિંગ્સની વ્યાપક શ્રેણી પ્રસ્તુત કરશે. આ પ્રોડક્ટ ગ્રુપ્સમાં મોટી સંખ્યામાં કલેકશન્સ અત્યંત અલગ અલગ લક્ષ્યના ગ્રાહકો અને ઈન્ટીરિયર ડિઝાઈન સ્ટાઈલ્સમાં તેમના એસોર્ટમેન્ટનો સુમેળ સાધવા માટે બાયરોને મદદરૂપ થશે.

બ્રાન્ડ **જે એન્ડ વાય ફેબ્રિક્સ** સાથે **ઈન્ડિયન ડ્રેપ** પ્રિન્ટેડ ફેબ્રિક્સ, વેલ્વેટ્સ, ફ્લેટ અને ટેક્સચર્ડ ફેબ્રિક્સમાં બજાર આગેવાન છે. તેઓ કટ લેન્થ સર્વિસ સાથે અપહોલ્સ્ટરી ફેબ્રિક્સ અને કર્ટન્સમાં બહુમુખી છે, જે તેમના ગ્રાહકો પ્રત્યે સેવા માટે તેમનો જોશ બતાવે છે. મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જયેશ દવેએ જણાવ્યું હતું કે એચજીએચ ઈન્ડિયા 2021 તેમને ઉત્તરીય ભારતની બજારમાં અને દિવાળી પછી નવી ઊભરતી ખરીદીની મોસમમાં નવી વેપાર તકોની ખોજ કરવા તેમને મદદરૂપ થશે.

**સેરોમ** ઘરઆંગણાની અને આંતરરાષ્ટ્રીય શ્રેણીને જોડતાં મટીરિયલ્સ અને ડિઝાઈન્સમાં અજોડતાના તેના ભાન માટે વિખ્યાત હોઈ ડ્રેપરી, અપહોલ્સ્ટરી, લેધરેટ અને ડેકોરેટિવ ફેબ્રિક્સમાં તાજગીપૂર્ણ વિચારો લાવશે.

**ભિક્ષુ ફેબ્રિક્સ** બ્લેકઆઉટ, પોલિયેસ્ટર વેલ્વેટ્સ, શિયર્સ અને પોલી કેન્વાસ જેવી વિવિધ ગુણવત્તામાં રેડીમેડ કર્ટન્સ આગામી પ્રોડક્ટ શ્રેણી તરીકે પ્રસ્તુત કરશે. ભિક્ષુ તેમના મુખ્ય વેપાર તરીકે ઘરઆંગણાની બજાર માટે કર્ટન્સ, સોફા, કુશન કવર, બેડકવર અને અન્ય ટેક્સટાઈલ મેડ-અપ્સ માટે ફાઈન ફર્નિશિંગ પ્રોડક્ટ તરીકે બતાવે છે.

ઉપરાંત એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે મુલાકાતીઓને **આર્ટેક્સ, અસાદીપ, ફેબ્રિક કિંગ્સ, ઈન્ડિગો ઈન્ડસ્ટ્રીઝ, લક્ઝર ઈમ્પેક્સ, સુજાતા** અને ઘણી બધી અન્ય જેવી બ્રાન્ડ્સ પાસેથી ઘણી બધી નવી ડિઝાઈન અને પ્રોડક્ટ વિચારો પણ જોવા મળશે.

## બેડ અને બાથ ટેક્સટાઈલ્સ

ભારતમાં પરિવારોની સંખ્યા વર્ષ દર વર્ષ વધી રહી છે ત્યારે ભારતીય હોમ ટેક્સટાઈલ્સ બજારમાં આ ક્ષેત્ર સૌથી વિશાળ અને જૂનું હોવા છતાં તેમાં વૃદ્ધિ ચાલુ રહેશે. બેડ અને બાથ ટેક્સટાઈલ્સ ફંક્શનલ, હાઈજીનિક અને ત્વચા માટે સુખદ હોવા સાથે તેણે બેડરૂમ્સ અને બાથરૂમ્સની


Indo Count

શોભા પણ વધારવી જોઈએ. એચજીએચ ઈન્ડિયા 2021 સ્થાપિત અને નવાગંતુકો પાસેથી આ સેગમેન્ટમાં અત્યંત રસપ્રદ શ્રેણી લાવશે.

**ઈન્ડો કાઉન્ટ** ભારતમાંથી બેડશીટ્સ અને બેડિંગ્સની સૌથી વિશાળ નિકાસકારમાંથી એક છે અને ભારતીય ઘરઆંગણાની બજારમાં અગ્રણી પરિપૂર્ણ બેડિંગ સમાધાન પ્રદાતામાંથી એક છે. એચજીએચ ઈન્ડિયા 2021માં તેમની બ્રાન્ડ્સ બુટિક લિવિંગ અને લેયર્સ સર્વ- સમાવિષ્ટ સ્લીપ અનુભવ નિર્માણ કરવા પર જ એકમાત્ર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમનાં ફેશન બેડિંગ કલેકશન્સમાં મેચિંગ અને કોમ્પ્લીમેન્ટરી શીટ્સ, કમ્ફર્ટર્સ, ડુવેટ કવર્સ, ક્વિલ્ટ્સ, પિલોઝ, શામ્સ અને સ્કર્ટસનો સમાવેશ થાય છે. યુટિલિટી બેડિંગ સેકશનમાં મેટ્રેસ પેડ્સ, ડાઉન ઓલ્ટ કમ્ફર્ટર, ફિલ્ડ પિલોઝ અને પ્રોટેક્ટર્સનો સમાવેશ થાય છે. ઈન્ડો કાઉન્ટ વર્ટિકલી ઈન્ટીગ્રેટેડ છે અને ઈન-હાઉસ પ્રોડકશન અને સર્વિસ પ્રક્રિયાનાં દરેક પગલાંનું વ્યવસ્થાપન કરે છે. ઓફર રિટેઈલરો સાથે હોટેલો જેવા સંસ્થાકીય ગ્રાહકો માટે પણ અનુકૂળ છે.

**કૃષ્ણા કોટેક્સ** ટેક્સટાઈલ ડીસાન ગ્રુપની છે અને બ્રાન્ડ **બોનહેર** લોન્ચ કરી છે, જે ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ ગુણવત્તાના ટેરી ટુવાલ ઓફર કરે છે. એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે પ્રદર્શનમાં તેમની પ્રોડક્ટોમાં ટેરી ટુવાલ, બાથ રોબ્સ અને સ્લિપર્સ, ફ્લેટ ટુવાલ, બીચ ટુવાલ, કિડ્સ ટુવાલ, ફેસ ટુવાલ, ગિફ્ટ સેટ્સનો સમાવેશ થાય છે.

કોઈમ્બતુરની ભારતની અગ્રણી નિકાસકાર અને તેની ઉચ્ચ ગુણવત્તાની લક્ઝરી ટુવાલ બ્રાન્ડ **માઈક્રોકોટન** માટે વૈશ્વિક સ્તરે વિખ્યાત **શ્રદ્ધા ટેરી પ્રોડક્ટ્સ** પહેલી વાર આ શ્રેણીમાં નવી સમાધાનની સંપૂર્ણ શ્રેણી રજૂ કરતાં બેડ અને બાથ સેગમેન્ટમાં રિટેઈલરો અને વિતરકો માટે સંપૂર્ણ નવી વેપાર તકો આપશે.

**પેન ઓવરસીઝ** ઉચ્ચ ગુણવત્તાની મેટ્સ માટે પાનીપતની સૌથી ટોચની નિકાસકાર હોઈ બાથ મેટ્સ, બાથ રગ્સ, બેડિંગ્સ, રગ્સ અને લાઈફસ્ટાઈલ, ડેકોરેટિવ મેડ-અપ્સની સંપૂર્ણ શ્રેણી સાથે તેની બ્રાન્ડ **પેનો** લોન્ચ કરી રહી છે. તેમની પ્રોડક્ટો ડેકોર અને ફંક્શનાલિટીમાં અજોડ ડિઝાઈન એસ્થેટિક્સ લાવે છે.

## મેટ્રેસીસ અને સ્લીપ ટેકનોલોજી


Kurlon

ભારતીય ગ્રાહકો આરોગ્યવર્ધક જીવન, ફિટનેસ અને સ્થિતિસ્થાપકતા જાળવવાના ભાગરૂપે તેમને ગુણવત્તાયુક્ત નિદ્રા મળે તે માટે વધુ ને વધુ સતર્ક બની રહ્યા છે. સારી, સ્વસ્થ નિદ્રા ઘણાં બધાં ઘટકો અને અલગ અલગ તબક્કા ધરાવે છે. નિદ્રાની ઉત્તમ ગુણવત્તા દરેક નાગરિક દ્વારા મોટે ભાગે યોગ્ય સ્લીપ પ્રોડક્ટોની પસંદગી પર આધાર રાખે છે.

અન્ય ટેક્સટાઈલ્સ ક્ષેત્રમાં ડિઝાઈન પેટર્ન્સ અને રંગો શણગારની દ્રષ્ટિથી મહત્ત્વપૂર્ણ હોય છે ત્યારે સ્વસ્થ નિદ્રાને ટેકો આપતું ટેક્સટાઈલ વિજ્ઞાન, ટેકનોલોજી અને સ્લીપ પ્રોડક્ટ્સના મટીરિયલ્સ પર આધાર રાખે છે. દરમિયાન દુનિયા સ્લીપ કોચીસ, સ્લીપ ક્લિનિક્સ અને સ્ટુડિયોઝ ધરાવે છે, જ્યાં નિદ્રાની ગુણવત્તા સુધારવા માટે બહુમુખી પરિમાણોમાં વિશ્લેષણકરી શકાય છે. આથી ટેકનોલોજી અને મટીરિયલ્સ લાગલગાટ ઝડપથી સ્વસ્થ નિદ્રા માટે નવીનતા પ્રેરિત કરે છે. આ વૃદ્ધિના ક્ષેત્રને સમજવું તે બેડ્સ, મેટ્રેસીસ અને તેની પાર નિદ્રાના વેપારમાં આકર્ષક ભિન્નતા માટે આધાર છે.

એચજીએચ ઈન્ડિયા 2021માં હોલ 14માં બ્રાન્ડ **વર્લ્ડ ઓફ સ્લીપ** હેઠળ વિશેષ સ્લીપ ટેકનોલોજી રહેશે, જ્યાં રિટેઈલરોને સ્લીપ પ્રોડક્ટ્સમાં પ્રગતિ સમજવાની તક મળશે. **વર્લ્ડ ઓફ સ્લીપ એચજીએચ ઈન્ડિયા** અને **આઈએસપીએફ** (ઈન્ડિયન સ્લીપ પ્રોડક્ટ્સ ફેડરેશન)ની સંયુક્ત પહેલ છે. સ્વસ્થ નિદ્રા માટે મુખ્ય પ્રોડક્ટ મેટ્રેસીસ સાથે બેડ સિસ્ટમ છે. સ્લીપ ટેકનોલોજી ઝોનમાં **કર્લ-ઓન, સ્લીપવેલ, કિંગ કોઈલ, પેપ્સ, નીલકમલ** જેવી અગ્રણી બ્રાન્ડ્સ કોઈર, સ્પ્રિંગ, મેમરી ફોમ, રબર ફોમ અને થેરાપ્યુટિક મેટ્રેસીસ, પિલોઝ અને મેટ્રેસ પ્રોડક્ટ્સમાં નવીનતાની તેમની શ્રેણી રજૂ કરશે.

ઉપરાંત અનેક આગામી બ્રાન્ડ્સમાં **ફેશ અપ, હોમ સ્કેપ્સ, સ્પાઈનમેટ, કોમ્ફી** અને ઘણી બધી અન્યો આ સેગમેન્ટમાં વેપાર માટે પસંદગીનાં ઘણાં બધાં પરિમાણ અને નવી વેપાર તકો લાવશે.

## હાઉસવેર-વધુ સ્માર્ટ, વધુ આધુનિક


Signoraware

ભારતમાં હાઉસવેર બજાર વર્ષ દર વર્ષ નોંધનીય રીતે વૃદ્ધિ પામી રહી છે, ડાઈવર્સિફાઈ થઈ રહી છે અને અપગ્રેડ થઈ રહી છે, જેને લીધે કિચનવેર, કૂકવેર, કિચન એપ્લાયન્સીસ, ટેબલવેર, સ્ટોરેજ, ક્લીનિંગ, હેલ્થ અને હાઈજીન અને જનરલ હાઉસવેર પ્રોડક્ટ્સ જેવાં બધા સેગમેન્ટ્સમાં પ્રોડક્ટ્સના પ્રકાર, ગુણવત્તા અને પ્રમાણ માટે માગણી વધી રહી છે. એક બાજુ પારંપરિકથી આધુનિક પરિવારોમાં રસોઈ બનાવવાની અને ભોજનની આદતો બદલાઈ રહી છે અને બીજી બાજુ નવી ટેકનોલોજી અપનાવવાનું વધી રહ્યું છે તેને લીધે અગાઉ કરતાં વિશાળ પ્રકારના હાઉસવેર બજારમાં આવી ગયા છે. વધુ યાંત્રિક કિચન એપ્લાયન્સીસ, વધુ આધુનિક ક્રોકરી અને ડિનર સેટ્સ તરફ ઝુકાવથી બજારમાં નવી વેપાર તકો અને નવી સ્થિતિઓ ઉદભવી છે.

## કૂકવેર

ભારતીય રસોઈ વધુ ને વધુ શહેરી અને આંતરરાષ્ટ્રીય રસોઈની શૈલી અપનાવી રહી છે. સ્વાસ્થ્ય પ્રત્યે સતર્કતા, સુવિધા અને હોમ ફેશન ટ્રેન્ડ્સથી પ્રેરિત ભારતીય ગ્રાહકો આંતરરાષ્ટ્રીય કક્ષાનાં પ્રેશર કૂકર્સ, ફ્રાઈંગ પેન્સ અને બ્રાન્ડ્સ પ્રોડક્ટ્સ કૂકવેરની સંપૂર્ણ શ્રેણી માટે લેવા માગે છે. રિટેઈલરોએ તેથી જ આધુનિક ગ્રાહકો અને યુવા લક્ષ્યના જૂથો સુધી પહોંચવા માટે નવી કૂકવેર પ્રોડક્ટો અપનાવવાની જરૂર છે.


Stahl

**ઓટોપ્રેસ ઈન્ડિયા** વ્યાપક પ્રકારનાં સ્ટેઈનલેસ- સ્ટીલનાં વાસણો, ફ્રાઈંગ પેન, પ્રેશર કૂકર્સ, બધા મટીરિયલ્સમાં વોક્સ અને નોન-સ્ટિક કૂકવેરના વ્યાપક પ્રકાર માટે

અગ્રણી બ્રાન્ડ **સ્તલ** પ્રસ્તુત કરે છે. **યુનાઈટેડ એક્તા, ઓકો ઈન્ડસ્ટ્રીઝ, નોલ્ટા, સેલો, એડબ્લ્યુકે, એસએનબી એન્ટરપ્રાઈઝીસ** અને **ભાનોબા એન્ટરપ્રાઈઝીસ** નવાં નોન–સ્ટિક કૂકવેર અને કિચનવેર પ્રદર્શિત કરશે.

**સ્માર્ટ કૂકિંગ** પેવિલિયન હોલ 10માં રહેશે, જે એચજીએચ ઈન્ડિયા દ્વારા પ્રસ્તુત કરાશે, જે નવી ગ્રાહકોની માગણીને ધ્યાનમાં રાખીને ભારતમાં લેવાઈ રહેલાં આધુનિક અને ડાયરેક્શન્સ કૂકવેર પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## ટેબલવેર



Clay Craft

સેરામિક્સ, ક્રોકરી, ગ્લાસવેર, કટલેરી, સર્વવેર, બારવેર ક્ષેત્રમાં એચજીએચ ઈન્ડિયા જયપુર, ખુર્જા, મુંબઈ, દિલ્હી, ગુરગાવ, કોલકતા અને ભારતનાં અન્ય અનેક શહેરો અને નગરોમાંથી આવતા પ્રદર્શનકારીઓ સાથે નવી પ્રોડક્ટો, નવી ડિઝાઈન અને નવા વિચારોની વિવિધતા ઓફર કરશે.

**ક્લે ક્રાફ્ટ** ડિનરવેર અને સર્વવેરનું તેનું નવીનતમ કલેકશન રજૂ કરશે. તેનું લક્ષ્ય ભારતીય બજારમાં ટેબલટોપ સેરામિકના વ્યાપક પ્રકાર રજૂ કરવાનું છે. અમે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ સાથે અમારા નવાં જોડાણો દર્શાવવા માટે બેહદ રોમાંચિત છીએ. અન્ય નવાં કલેકશન્સમાં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ મિ. મેન લિટલ મિસ સાથે જોડાણનો સમાવેશ થાય છે, જે કોફી મગ્સ, નવા મોનોક્રોમ કલેકસન્સ હેપ્પીનેસ ઈઝ અને ઈન્ડિયા સર્કસ ડિઝાઈનર ટેબલવેરની બોલકણી શ્રેણી ઓફર કરે છે, એમ કંપની કહે છે.

**કોરેલ** વિવિધ પ્રકારની નામાંકિત અને વિશ્વાસપાત્ર ગ્લાસવેર અને ડિશવેરની પ્રોડક્ટો વેચે છે. કોરેલ ખુદ ટેમ્પર્ડ ગ્લાસ પ્રોડક્ટ છે, જેમાં ગ્લાસના બે પ્રકાર ત્રણ લેયરમાં લેમિનેટ કરવાનું સમાવિષ્ટ છે. તેમની ડિઝાઈન આધુનિક અમેરિકન અને સાઉથ– યુરોપિયન રુચિ અને ખાસ કરીને બિન–પારંપરિક ભારતીય પરિવારો માટે આકર્ષણ પ્રદર્શિત કરે છે.

**રોક્સ** કોલકતામાં વડામથક સાથેની અગ્રણી બ્રાન્ડ હોઈ ટેબલવેર, ગ્લાસવેર, સ્ટોરેજ, બોટલ્સ, કિચનવેર વગેરેની સંપૂર્ણ નવી શ્રેણી અને પ્રીમિયમ અને માસ માર્કેટ સેગમેન્ટ્સમાં સંપૂર્ણ નવી શ્રેણી ઓફર કરે છે.

**ભારત પોટરીઝ, સ્ટોન સફાયર ઈન્ડિયા, હિતકારી** અને **યુ.પી. સેરામિક્સ** બોન ચાયના અને મેલામાઈન ટેબલવેર, કૂકવેર, ડિનરવેર, સ્ટોરેજ આઈટમ્સ, બોટલ્સ અને એર પ્યુરિફાયર્સ વગેરે પ્રસ્તુત કરશે.

## સ્ટોરેજ અને પ્લાસ્ટિક્સ

મુલાકાતીઓ સ્ટોરેજ, પ્લાસ્ટિક્સ, જનરલ, હાઉસવેર અને ક્લીનિંગ તથા મેઈનટેનન્સના ઝડપથી વૃદ્ધિ પામતા હાઉસવેર સેગમેન્ટ્સમાં અનેક અગ્રણી ખેલાડીઓ પાસેથી એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે ડિઝાઈનો અને પ્રોડક્ટોના નવીનાતાના પ્રકારની અપેક્ષા રાખી શકે છે.


**સેલો, સિગ્નોરાવેર, જેપી** કિચન, સ્ટોરેજ, બાથરૂમ, ક્લીનિંગ અને જનરલ હાઉસહોલ્ડ યુસેજ માટે પ્લસ્ટિક હાઉસવેર પ્રોડક્ટ્સમાં વ્યાપક શ્રેણી ઓફર કરે છે.

### બ્લાઈન્ડ્સ અને વિંડો ડેકોર

આધુનિક ભારતીય હોમ્સ બ્લાઈન્ડ્સ ડેકોર અને હોમ ડિઝાઈનનો આંતરિક ભાગ બની ગયા છે. વિંડો બ્લાઈન્ડ્સ શ્રેણી તરીકે બહુકાર્યશીલ છે. મૂળભૂત રીતે તે (1) બહારથી જોવા સામે રક્ષણ તરીકે અને (2) પ્રકાશ સામે રક્ષણ તરીકે કામ કરે છે. વધુ સ્પષ્ટતાથી કહીએ તો તે બહારથી આવતા સૂર્યપ્રકાશ અને ગરમીથી રક્ષણ આપે છે. જોકે તે બહારની ઠંડીથી પણ રક્ષણ આપી શકે છે. તે અંદર અને બહાર ગોઠવી શકાય છે અને ઉપયોગ કરાયેલા મટીરિયલ્સમાં પેપરથી ટેક્સટાઈલ્સ, એલ્યુમિનિયમ, વૂડ અને સ્ટીલનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે તે ખોલવા અને બંધ કરવા માટે ટેકનોલોજી સાથે પણ આવે છે, જે ઓટોમેટેડ કરી શકાય છે. છેલ્લા બે દાયકામાં બ્લાઈન્ડ્સ આધુનિક હોમ્સ, ઓફિસો, હોટેલો વગેરેમાં વધુ ને વધુ અવેજીના કર્ટન્સ ધરાવે છે, કારણ કે તે મોટે ભાગે તેમની સુરક્ષાત્મક કામગીરીમાં સૌથી અસરકારક છે, મોટે ભાગે કંટ્રોલ સિસ્ટમને કનેક્ટેડ હોય છે અને તે આસાનીથી સાફ કરી શકાય છે.

બજાર એક બાજુ ઓટોમેઈન અને ડિઝાઈન ઈનોવેશન્સથી પ્રેરિત છે ત્યારે બીજી બાજુ નવા નિર્માણ કરાયેલા રૂમના પ્રકારમાં તે માઉન્ટ કરી શકાય છે. બ્લાઈન્ડ્સ પારંપરિક અથવા રોમેન્ટિક ડિઝાઈન શેલી કરતાં વધુ આધુનિક અને ફંકશનલ ડિઝાઈન શેલીમાં સ્પષ્ટ ઉત્તમ રીતે બંધબેસે છે. ઉત્તમ સ્થાપિત ભારતીય ખેલાડીઓ **માર્કોપોલો, વિચેન્તો, કઝાગે, નોવા, ટચ બ્લાઈન્ડ્સ, માર્કોપોલો, માર્શલ્સ, એટકો, આર્ટેક્સ ઓવરસીઝ** વર્ટિકલ બ્લાઈન્ડ્સ, વેનેશિયાં બ્લાઈન્ડ્સ, રોલર બ્લાઈન્ડ્સ અને રોમન બ્લાઈન્ડ્સની સંપૂર્ણ શ્રેણી પ્રસ્તુત કરે છે. તે બ્લાઈન્ડ્સ અને કર્ટન ડેકોરેશન એસેસરીઝ, ઓટોમેશન, ડ્રેપરી અને મેકેનીઝ્મસમાં તેમની નવી શ્રેણી પણ દર્શાવે છે. મુલાકાતીઓ આ આધુનિક પ્રોડક્ટ ગ્રુપની વેપાર સંભાવનાઓનો લાભ લેવા માટે નવી ટેકનોલોજીઓ અને ટ્રેન્ડ્સની ખોજ કરી શકશે.

## વોલપેપર્સની ઉચ્ચ માગણી



Erismann

ભારતીય વોલપેપર્સ બજાર આગામી થોડાં વર્ષોમાં વાર્ષિક 30–40 ટકા વૃદ્ધિ પામવાની ધારણા છે, એમ બજારના નિષ્ણાતો કહે છે, આ આરોગ્યવર્ધક વૃદ્ધિ માટે પ્રેરકબળમાં વધતી શહેરી વસતિ, બદલાતી જીવનશૈલી અને બહેતર ડિઝાઈન અગ્રતાઓનો સમાવેશ થાય છે, જેને લીધે ખર્ચક્ષમ આવકો વધી રહી છે. વોલપેપર્સને બજારમાં નવેસરથી આવકાર મળી રહ્યો છે. તેના પ્રકાર અલગ અલગ વિશિષ્ટતાઓ, ગુણવત્તાઓ અને વિવિધ કિંમતો સાથે મટીરિયલ્સની દૃષ્ટિએ વિકસિત કરાયા છે.

એચજીએચ ઈન્ડિયામાં બજારની આગેવાનો **માર્શલ્સ વોલકવરિંગ, એશિયન પેઈન્ટ્સ** અને **એટકો ઈન્ટીરિયર્સને** પ્રસ્તુત કરાશે. રોયલ વોલપેપર જર્મન બ્રાન્ડ **એરિસમાન** લાવી રહી છે. ડેકોરેટિવ ગ્લાસ ફિલ્મ્સમાં સ્પેશિયાલિસ્ટ **તાહેરા ડેકોર** અને કસ્ટમાઈઝ્ડ વોલપેપરમાં નિષ્ણાત વોલ એમ્પાયર પણ તેમના ઈનોવેશન્સ પ્રદર્શિત કરશે. ઉપરાંત સેંકડો અન્ય વોલપેપર આયાતકારો અને રાષ્ટ્રીય વિતરકો પણ વોલપેપર્સની તેમની આંતરરાષ્ટ્રીય શ્રેણી પ્રદર્શિત કરશે.



CEPC

**માર્શલ્સ વોલકવરિંગ** ભારતમાં વોલપેપર્સમાં સૌથી મહત્વપૂર્ણ નિષ્ણાત છે. તે એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે યુરોપિયન ડિઝાઈન્સ પર કેન્દ્રિત રહીને ડિઝાઈન્સ અને મટીરિયલ્સના વિશાળ પ્રકાર ઓફર કરે છે. માર્શલ્સ યુરોપ અને યુએસએની અમુક ઉત્મત કંપનીઓના વોલકવરિંગ્સની ખાસ આયાતકાર છે, જેમાં ગ્રાન્ડેકો, રાશ્ચ, સિરપી, ઝંબાઈતી, ઓમેક્સો, માર્બર્ગ અને કેસેડેકોનો સમાવેશ થાય છે.

## ઊભરતી શ્રેણી તરીકે કાર્પેટ્સ અને ફ્લોર કવરિંગ્સ

કાર્પેટ્સ અને અન્ય ફ્લોર કવરિંગ્સને હોમ્સ સુધારવા અને નવાં હોમ્સ, ઓફિસીસ, શોપ્સ વગેરે શણગારવા માટેના પ્રવાહમાંથી ભરપૂર લાભ થઈ રહ્યો છે. તે ઘરઆંગણાની હોમ પ્રોડક્ટ્સ બજારમાં મહત્ત્વપૂર્ણ શ્રેણી તરીકે વૃદ્ધિ પામી રહી છે. રગ્સ અને કાર્પેટ્સ ક્ષેત્રની સૌથી મહત્ત્વપૂર્ણ શક્તિ એ છે કે તે શણગારવા સાથે અવાજ અને ઠંડી પૂરતી રીતે ઓછા કરવાની દૃષ્ટિથી રૂમની કાર્યશીલતામાં પણ યોગદાન આપે છે. ભારતમાં ઉચ્ચ મૂલ્ય કેન્દ્રિત ગ્રાહકો સાથે આ બજાર લક્ઝરીથી પ્રીમિયમ સુધી, ડેકોરેટિવથી ફંકશન અને આધુનિકથી પારંપરિક સુધી ફ્લોર કવરિંગ્સના બધા સેગમેન્ટમાં ઉચ્ચ વૃદ્ધિ અનુભવે છે. નૈસર્ગિક અને સિન્થેટિક રગ્સ અને ફ્લોર કવરિંગ્સ માગણીમાં વૃદ્ધિ પામી રહી છે.

ભારતની હસ્તબનાવટની કાર્પેટ્સ લગભગ 40 ટકા હિસ્સા સાથે વૈશ્વિક બજારમાં અત્યંત મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. તે તેમની કુશળતાથી હસ્તકળા કારીગરી અને પારંપરિક ડેકોર માટે ઓળખાય છે, જે મોટે ભાગે આધુનિક રુચિ અનુસાર અદ્યતન કરવામાં આવે છે. ભારતીય ઉત્પાદકો માટે નિકાસ મહત્ત્વપૂર્ણ હોવા છતાં ઘણા બધા ઝડપથી વૃદ્ધિ પામી રહેલી ઘરઆંગણાની બજાર પર વધુ ને વધુ ધ્યાન આપી રહ્યા છે. એચજીએચ ઈન્ડિયામાં હેન્ડ નોટેડ, હેન્ડ ટફટેડ અને હાથવણાટ તેમ જ યંત્ર સર્જિત એરિયા રગ્સ અને કાર્પેટ્સની ઉત્તમ પસંદગી મળી રહેશે. અગ્રણી નામોમાં **કાલીન, વિલેજ વીવર્સ, વ્હાઈટ આઈઝ, નારાયણ કાર્પેટ્સ વ્યાપક શ્રેણી પ્રદર્શિત કરશે. કાર્પેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (સીઈપીસી)** ગયા વર્ષની જેમ ભદોહી, વારાણસી, જયપુર, બિકાનેર, આગ્રા અને દિલ્હી વગેરે જેવાં અગ્રણી ઉત્પાદન કેન્દ્રમાંથી હસ્ત બનાવટની કાર્પેટ્સના 20 અગ્રણી ઉત્પાદકો અને નિકાસકારોના જૂથમાં લાવશે.

ઉપરાંત અગ્રણી ઉત્પાદકો, આયાતકારો અને નિકાસકારો **ક્વાલીન, રગ્સ કોન્સેપ્ટ, સુપરગ્રાસ** જેવાં તેમનાં કલેકશન્સ પ્રસ્તુત કરશે. દાખલા તરીકે. હેન્ડનોટેડ કાર્પેટ્સમાં નિષ્ણાત રગ્સ ઓવકસીઝ પારંપરિક ડિઝાઈન સાથે નવી શ્રેણીની ટંકિશ કાર્પેટ્સ અને આધુનિક ડિઝાઈનથી પ્રેરિત કલેકશન્સ એબ્સ્ટ્રેક્ટ અને મોડર્ન આર્ટ પણ પ્રદર્શિત કરશે.

**કાલીન લાઈફસ્ટાઈલ** યંત્રસર્જિત કાર્પેટ્સની ઘરઆંગણાની વ્રોડલૂમ ઉત્પાદક તરીકે નામાંકિત છે, જે ભારતીય કાર્પેટ ઉત્પાદન ઉદ્યોગમાં અનન્ય સ્થાન ધરાવે છે. તે ઉચ્ચ

ગુણવત્તાની હસ્ત બનાવટની રગ્સ સાથે યંત્રસર્જિત કાર્પેટ્સ પ્રસ્તુત કરશે, જેને લઈ ગુણવત્તાયુક્ત જીવનશૈલીના ભાગરૂપે કાર્પેટ્સ અને ફ્લોર કવરિંગ્સ પ્રસ્તુત કરશે.

**કોઈર બોર્ડ** અને **નેશનલ જ્યુટ બોર્ડ** કોઈર ડોર મેટ્સ, જ્યુટ અને જ્યુટ બ્લેન્ડ કાર્પેટ્સ, ફ્લોરિંગ, શોપિંગ અને ફેશન બેગ્સ અને ડેકોરેટિવ એસેસરીઝ પ્રદર્શિત કરતા તેમના સભ્યો સાથે અનુક્રમે કોઈર અને જ્યુટ ક્ષેત્રના ઉત્પાદકો દ્વારા જૂઝ સહભાગનું આયોજન કરાયું છે.



## હોમ ડેકોરની વ્યાપકતા

વોલપેપર અને વોલ ડેકોરથી ફ્લોર્સ, ટેબલ્સ, વોલ્સ અને સીલિંગ સાથે કેન્ડલ સ્ટેન્ડ્સ, ડેકોરેટિવ કેન્ડલ્સ, ફ્રેગ્રન્સીસ, પોટ પોરી, આર્ટિફિશિયલ ફ્લાવર્સ અને ગ્રાસ, ફિગરિન્સ, વાઝ, ફોટો ફ્રેમ, આર્ટવર્ક, આર્ટીફેક્ટ્સ, મુરાલ્સ સહિત ડેકોરેટિવ એસેસરીઝના વિવિધ પ્રકાર સુધી એચડીએચ ઈન્ડિયા દિલ્હી, મુંબઈ, મોરાદાબાદ, ફિરોઝાબાદ, આગ્રા, સહરાનપુર, લખનૌ, જયપુર, જોધપુર, કાશ્મીર, રાજકોટ, હૈદરાબાદ જેવાં ભારતની અગ્રણી હેન્ડિક્રાફ્ટ્સ સેન્ટરો સુધી વ્યાપક શ્રેણી ઓફર કરે છે.

**પેરામાઉન્ટ** મોરાદાબાદની કંપની હોઈ ભારતીય રિટેઈલરો માટે પણ ધાતુ અને બ્રાસવેર, ગ્લાસવેરમાં આંતરરાષ્ટ્રીય ડેકોરેટિવ એસેસરીઝનાં કલેકશન્સની તેમની નવી શ્રેણી લાવશે.

**વેદાસ** રાંચીની કંપની હોઈ હંમેશની જેમ ફરી એક વાર એસ્સેન્ટ અને સ્મોલ ફર્નિચર, વોલ ડેકોર અને ડેકોરેટિવ એસેસરીઝની અત્યંત નાવીન્યપૂર્ણ શ્રેણી રજૂ કરશે.

**ઈપીસીએચ (એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ હેન્ડિક્રાફ્ટ્સ)** દ્વારા હેન્ડિક્રાફ્ટ્સ અને ડેકોરેટિવ સોલ્યુશન્સની વ્યાપક શ્રેણી ઓફર કરતા તેના અનેક સભ્યોના સમૂહ સહભાગનું આયોજન કરાયું છે.

ડેવલપમેન્ટ કમિશનર હેન્ડિક્રાફ્ટ્સ, ટેક્સટાઈલ મંત્રાલય, ભારત સરકારના વ્યાપક ટેકા સાથે **છત્તીસગઢ હસ્ત શિલ્પ વિકાસ બોર્ડ, નેક્ટર** અને **ડિરેક્ટોરેટ ઓફ હેન્ડલૂમ એન્ડ હેન્ડિક્રાફ્ટ્સ, કાશ્મીર** જેવી સંસ્થાઓને વ્યાપક ટેકા સાથે રિટેઈલરો માટે **ઈન્ડિયન હેરિટેજ** આર્ટસ અને ક્રાફ્ટ્સનો છૂપો ખજાનો લાવવામાં આવશે.

એચજીએચ ઈન્ડિયા દ્વારા પ્રાયોજિત હોલ 10માં પેવિલિયનમાં લાકડાનું કોતરકામ, ધાતુનું કોતરકામ, પોટરી, એમ્બ્રોઈડરી વગેરે અને ડેકોરેટિવ અને હાઉસવેર પ્રોડક્ટ્સના પ્રકારમાં તેના ઉપયોગમાં **રાષ્ટ્રીય પુરસ્કાર** વિજેતાઓદ્વારા અનેક સમૃદ્ધ ભારતીય કળા અને હસ્તકળા પણ પ્રદર્શિત કરાશે.

## સ્મોલ અને એસ્સેન્ટ ફર્નિચર

સ્મોલ ફર્નિચરની નવી ઉત્ક્રાંતિ પામેલી શ્રેણી એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે મુખ્ય આકર્ષણ રહેશે. વર્ક ફ્રોમ ઓફિસ અને હોમનું હાઈબ્રિડ મોડેલ ભારતમાં વધુ સ્વીકાર્યતા પ્રાપ્ત થતા લાંબા ગાળાની ખૂબી તરીકે ઉત્ક્રાંતિ પામીછે. ઉપરાંત શહેરોમાં રહેવાની જગ્યા વધુ ને વધુ ખર્ચાળ બની રહી છે. હોમ્સમાં જગ્યાઓ વધુ ગીચ બની



રહી છે અને તેથી ફર્નિચર જગ્યા બચાવે અને નાનાં હોય તે જરૂરી બની ગયું છે. બીજી બાજુ રૂમો આકર્ષક હોવા જોઈએ, જે ધ્યાન ખેંચવા માટે અને આખા રૂમ માટે ઈમેજ આપવા એસ્સેન્ટ ફર્નિચર માટે જગ્યા બનાવે છે.

ઘણી બધી અગ્રણી બ્રાન્ડ્સમાં **એશિયન પેઈન્ટ્સ, કર્લ-ઓન, વેદાસ** વેપાર કરવા, રિટેઈલરો અને વિતરકો માટે નવી વેપાર તકોના પ્રકાર ખોલવા, તેમના મોજૂદ વેપારોને પૂરક વેપાર કરવા પહેલી વાર આ શ્રેણીમાં તેમની ગોપનીયતા જાહેર કરશે. **નેક્ટર ભારતના ઈશાન પ્રદેશમાંથી** અનેક ઉચ્ચ કુશળ ઉત્પાદકો પાસેથી બાંબૂ અને કેન ફર્નિચર, ડેકોરેટિવ એસેસરીઝ અને હાઉસવેર પ્રોડક્ટ્સમાં સોર્સિંગ માટે નવી સોર્સિંગ તકો ખોલશે.

વિવિધ દેશોમાં પ્રવાસ નિયંત્રણો અને લોકડાઉનથી પેદા થયેલા અવરોધ છતાં છ ભારતીય કંપનીઓ નવી દિલ્હીમાં ઈટાલિયન ટ્રેડ કમિશન દ્વારા આયોજિત કેટલોગ શો થકી તેમની ફર્નિચર શ્રેણી પ્રદર્શિત કરશે. આ જ રીતે મલેશિયન ટિંબર કાઉન્સિલ (એમટીસી) મલેશિયન ફર્નિચર નિકાસકારો માટે કેટલોગ શો યોજશે અને એચજીએચ ઈન્ડિયા ખાતે તેમના બૂથ થકી ભારતીય આયાતકારોને બધી માહિતી પૂરી પાડશે. તે એચજીએચ ઈન્ડિયાની ભાવિ આવૃત્તિઓમાં વધુ વૃદ્ધિ પામશે.

PHOTO SPOT

# ફોટો સ્પોટ

## તમારી પ્રોડક્ટ્સ માટે પ્રોફેશનલ ફોટોગ્રાફી

આકર્ષક, વાસ્તવવાદી ફોટોગ્રાફી બેડ અને બાથ લિનન, ડેકોરેટિવ મેડ-અપ્સ ફર્નિશિંગ ફેબ્રિક, બ્લાઈન્ડ, ડેકોરેટિવ એસેસરીઝ, બ્લાઈન્ડ્સ, વોલપેપર્સ, કાર્પેટ હોય કે કિચનવેર, કૂકવેર, કિચન એપ્લાયન્સીસ, સેરામિક અને પોટરીનાં કોઈ પણ પાસાં હોય કે જનરલ હાઉસવેરની આઈટમ હોય, કોઈ પણ હોમ પ્રોડક્ટનું ઉત્તમ શણગારેલું પ્રસ્તુતિકરણ મહત્ત્વપૂર્ણ પાસું છે.

એસ્થેટિક, વૈવિધ્યપૂર્ણ પિક્ચર્સ બ્રાન્ડ, ઉત્પાદક અથવા રિટેઈલર દ્વારા કોઈ પણ ઉત્તમ વિઝ્યુઅલ પ્રસ્તુતિકરણનું હાર્દ હોય છે. આજની સ્પર્ધાત્મક બજારમાં તે બજારમાં તમારી પ્રોડક્ટની



યોગ્ય રજૂઆત માટે મહત્ત્વપૂર્ણ પ્રથમ પગલું છે.

એચજીએચ ઈન્ડિયા 2021ના પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓને ખાસ કરીને તેમની બ્રાન્ડ્સ અને પ્રોડક્ટ્સને રાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બનાવવા અથવા તેમની બજારમાં આગેવાની હાંસલ કરવા માટે તેમની પ્રોડક્ટ્સના માર્કેટિંગ અને વિઝ્યુઅલ પ્રસ્તુતિકરણ માટે ઉત્તમ ફોટોગ્રાફીના ફરકની ઝાંખી પૂરી પાડવા માટે એચજીએચ ઈન્ડિયાએ ફોટો સ્ટોપ શીર્ષક હેઠળ નામાંકિત ફોટોગ્રાફર શિરાઝ ચાંદ સાથે સહયોગમાં અજોડ પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

ટ્રેન્ડ્સ પેવિલિયન નજીક હોલ 15માં એચજીએચ ઈન્ડિયા અને ફોટોગ્રાફિક્સ દ્વારા સંયુક્ત રીતે લિવિંગ રૂમ, બેડરૂમ, કિચન અને બાથરૂમ જેવી અલગ અલગ જીવનશૈલી સાથે ફોટોગ્રાફી સ્ટુડિયો સ્થાપ્યો છે.

મુલાકાતીઓ અને પ્રદર્શનકારીઓ વહેલો તે પહેલો ધોરણે એપોઈન્ટમેન્ટ લઈને આ સ્ટુડિયોમાં તેમની પ્રોડક્ટ્સ લઈ જઈ શકે છે અને નિ:શુલ્ક ફોટોગ્રાફ લેવડાવી શકે છે, જે કોઈ પણ પ્રમોશનલ અથવા કમર્શિયલ હેતુથી તેઓ ઉપયોગ કરી શકે છે. તેનાથી વિઝ્યુઅલ પ્રસ્તુતિકરણ અને માર્કેટિંગ પ્રયાસમાં ઉત્તમ ફોટોગ્રાફી કેવો ફરક લાવી શકે તે સમજવામાં તેમને મદદ થશે.

ફોટો સ્પોટમાં વર્ષોનાં વહાણાં વીતવા સાથે શિરાઝ ચાંદ દ્વારા કરાયેલી હોમ પ્રોડક્ટ્સની પ્રોફેશનલ ફોટોગ્રાફીનું પ્રદર્શન પણ કરાશે, જે જોવાની મજા આવશે અને મુલાકાતીઓ તેમના વિઝ્યુઅલ મર્ચન્ડાઈઝિંગ અને પ્રમોશનલ પ્રયાસોમાં ઉત્તમ ફોટોગ્રાફીનું મહત્ત્વ સરાહના અને સમજી શકશે.

હોમ ઉદ્યોગના માર્કેટિંગ પ્રયાસોને ટેકો આપવા અને રિટેઈલરો અને નાની બ્રાન્ડ્સ દ્વારા પ્રોડક્ટના પ્રસ્તુતિકરણને પ્રોફેશનલાઈઝ કરવા માટે એચજીએચ ઈન્ડિયા દ્વારા આ વધુ એક પ્રયાસ છે.

**એચજીએચ ઈન્ડિયા વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**

HGH INDIA 2021
HOME DECOR · GIFTS · HOUSEWARE

**ટ્રેડ વિઝિટર્સ !**
ઓનલાઈન નોંધણી કરાવો
**20મી નવેમ્બર, 2021થી**
www.hghindia.com પર અને
**બચત** કરો રૂ. **1,000/-*** એન્ટ્રી ફી

*જોતમે 20મી નવેમ્બર, 2021 પૂર્વે મફત પૂર્વનોંધણી નહીં કરાવી શક્યા હોય તો પણસ્થળ ખાતે સ્પોટ– રજિસ્ટ્રેશન કરીને એચજીએચ ઈન્ડિયા 2021ની મુલાકાત લઈ શકો છો, જે માટે તમને એન્ટ્રી ફી તરીકે રૂ. 1000 (જીએસટી સહિત) ચૂકવવાના રહેશે.

**સહાય માટે કૃપા કરી સંપર્ક કરો**
અમર શર્માઃ +91 99 676 00286
ઈ–મેઈલઃ visitors@hghindia.com
મુંબઈઃ ફોનઃ +91 (22) 2421 4111
દિલ્હીઃ ફોનઃ +91 (11) 2571 4111
www.hghindia.com